# અસીમ આકાશ આપણું આંગણું

જૉન પી. વેઇસ કૅલિફૉર્નિયામાં પોલીસ ખાતામાં કામ કરતા હતા. એ ચિત્રકળા, કાર્ટૂન, ફોટોગ્રાફી અને લેખનમાં ઊંડી રુચિ ધરાવતા હતા. એમણે એમને મનગમતા કળાના ક્ષેત્રમાં કામ કરવા માટે પોલીસ ખાતાની છવ્વીસ વરસની નોકરી છોડી વહેલી નિવૃત્તિ લીધી. તે વખતે એ પોલીસ વડાના હોદ્દા પર કામ કરતા હતા. નોકરી દરમિયાન એમણે ચિત્રો અને કાર્ટૂન દોરવાનું ચાલુ રાખ્યું હતું. એમનાં ઘણાં કાર્ટૂન જાણીતાં અખબારોના એડિટ પેજ પર છપાતાં હતાં.

એમનું એક કાર્ટૂન છે. એમાં એક ચિત્રકારનું તદ્દન સામાન્ય ચિત્ર જોઈ ચિત્રકળામાં સમજ ધરાવતી એક વ્યક્તિ કહે છેઃ 'આ ચિત્ર સાવ સામાન્ય, ઢંગધડા વગરનું છે. એમાં નથી કોઈ થીમ, નથી કોઈ અર્થ.' ચિત્રકાર ખુશ થઈ જાય છે. જવાબ આપે છેઃ 'જો એવું જ હોય તો આ ચિત્રમાં હું સફળ થયો છું. આ ચિત્ર દ્વારા હું ક્ષુલ્લક, દિશાહીન અને મીડિયોકર – તદ્દન સામાન્ય – જીવન જીવતા લોકોનું ધ્યાન દોરવા માગું છું.'

જૉન પી. વેઇસ સારા લેખક પણ છે. એમનાં ઘણાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. એક ખૂબ જાણીતા પુસ્તક 'એન આર્ટફૂલ લાઇફ'માં એમણે વાંચકોને શ્રેષ્ઠ જિંદગી જીવવા માટેના માર્ગ સૂચવ્યા છે. એમણે સામાન્ય જીવન જીવી જતા લોકોને પ્રેરણા આપવા માટે નિબંધો પણ લખ્યા છે. એક નિબંધમાં એ કહે છેઃ 'શક્ય છે કે તમે નર્વસ હો, ગભરાયેલા હો, નાનીનાની બાબતનો નિર્ણય લેતાં ખચકાતા

હો, કદાચ તમે કોઈ કામ શરૂ કરતા પહેલાં સંભવિત જોખમો, પડકારો અને પરિણામોનો વધારે પડતો વિચાર કરતા હો. એવું ન પણ હોય, તમે સામાન્ય જીવન જીવવા માગતા ન હો, કશુંક અલગ રીતે કરવા માગતા હો. તેમ છતાં પહેલું ડગલું ભરવાની હિંમત કરી શકતા ન હો.'

કોઈ પણ દિશામાં આગળ વધવા માટે પહેલું ડગલું, પહેલો કૂદકો, પહેલા ઉડાનનું ખૂબ મહત્ત્વ છે. આ સંદર્ભમાં જૉન પી. વેઇસ ગરુડનાં બચ્ચાંનું ઉદાહરણ આપે છે. ગરુડનું બચ્ચું એનો સુરક્ષિત માળો છોડી પહેલી વાર ઊડે છે પછી જ એને ખબર પડે છે કે વિશાળ આકાશમાં ઊડી શકવા એ સમર્થ છે. ઊડવા માટે માનસિક રીતે તૈયાર હોય એ જ વ્યક્તિને સમજાય છે કે જીવનમાં માળાની સુરક્ષા જ પૂરતી નથી. માળામાંથી બહાર નીકળી ઊડવાની મહેચ્છા હોય તો વિશાળ આકાશની ભેટ મળે છે. સામાન્ય જીવન જીવતા લોકો એમનો કમ્ફર્ટ ઝોન – સુરક્ષિત વિસ્તાર – છોડવા તૈયાર થતા નથી. એ લોકો ક્ષુલ્લકતાને જ પોતાનું જીવનધ્યેય માનવાની ભૂલ કરે છે.

વેઇસ કહે છે તેમ ગમે તેવી હતાશામાં તમે એક ઘડી ઊભા રહો અને પાછળ વળીને તમે સફળતાપૂર્વક સંપન્ન કરેલાં કામ, તમે મેળવેલી સિદ્ધિઓને યાદ કરો. ક્યારેક તમારી સફળતામાં નસીબે પણ સાથ આપ્યો હશે, પરંતુ દરવખતે એવું બનતું નથી. તમે તમારા બળે આગળ વધ્યા હશો અને યોગ્ય માર્ગ કંડાર્યો હશે. તમે પહેલી ઉડાન ભરવાની તૈયારી બતાવી હશે તો જ સફળ થયા હશો. એવા વિચારો માણસને હતાશામાં પણ લડી લેવા કટિબદ્ધ કરે છે.

ઊંડી ખીણમાં પહેલી વાર કૂદકો મારતાં ચોક્કસ ભય લાગે કે આપણે બહુ ઝડપથી નીચે પડી રહ્યા છીએ. એક વાર ડર દૂર થાય પછી અવર્ણનીય મુક્તિ અને પરમ આનંદનો અનુભવ થાય છે. તદ્દન અજાણ્યા અને નવા વિશ્વમાં પ્રવેશવાનો થડકાર જુદો જ હોય છે. એ નવી દુનિયામાં આપણાં સપનાં સાચાં પડવાની અનેક શક્યતાઓ આપણી રાહ જોતી હોય છે. ડર આપણને જોખમ લેતા અટકાવે છે.

જૉન પી. વેઇસ લોકગીતોના જાણીતા ગાયક ટિમ મેક્ગ્રૉનું દૃષ્ટાંત આપે છે. ટિમ મેક્ગ્રૉ કાર્યક્રમ પહેલાં દારૂ પીધા પછી જ સ્ટેજ પર જતો. એ દારૂને 'લિક્વિડ કરેજ' – પ્રવાહી હિંમત – કહેતો. ક્યારેક વધારે પડતો ઢીંચીને સ્ટેજ પર જતો. એ કારણે એની પત્ની અને કાર્યક્રમના આયોજકો

એના પર નારાજ રહેતાં હતાં. આવો મોટો કલાકાર દારૂ પીવાની લતને કારણે ક્ષુલ્લકતામાં સરી પડ્યો હતો. એ પોતે પણ દારૂના વ્યસનથી છૂટવા માગતો હતો. પ્રયત્ન કરતો, પરંતુ છેલ્લી ઘડીએ હિંમત હારી જતો. એક દિવસ એ ફ્લોરિડામાં કાર્યક્રમ આપવા ગયો ત્યારે પહેલી વાર મન મજબૂત કરી છાંટોપાણી કર્યા વિના સ્ટેજ પર ગયો. એ રાતે એણે એની કારકિર્દીનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. એણે ખોટી માન્યતાના માળામાંથી બહાર નીકળી ખીણમાં કૂદવાની હિંમત કરી હતી અને નવું આકાશ સર કર્યું હતું.

જૉન પી. વેઇસ પોતાનું પણ ઉદાહરણ આપે છે. એમને વિમાનમાં પ્રવાસ કરતાં બહુ ડર લાગતો. ફ્લાઇટમાં જવાનું હોય તો અગત્યનાં કામ પણ ટાળતા. એક વાર એમને લૅન્ડસ્કેપના સુપ્રસિદ્ધ ચિત્રકાર સાથે કામ કરવાની તક મળી, એ માટે વિમાનમાં જવું પડે તેમ હતું. જાતજાતનાં બહાનાં કાઢ્યાં કે ખરચ વધારે થશે, નોકરીમાંથી રજા નહીં મળે, અહીં ઘણાં કામ બાકી છે વગેરે. પત્નીએ એક પણ બહાના પર ધ્યાન આપ્યું નહીં. જૉન નાછૂટકે જવા તૈયાર થયા. પત્નીએ ચિત્રકામની બધી સામગ્રી એકઠી કરી સામાન તૈયાર કર્યો અને ઍરપૉર્ટ પર મૂકી આવી. એ ડરતા ડરતા વિમાનમાં બેઠા. રન વે પર ઝડપથી દોડતું વિમાન, ટેઇક-ઑફ અને ઊંચાઈના ભયથી એમનો જીવ નીકળી જતો હતો. સહીસલામત પહોંચ્યા ત્યારે એમનું મન અલગ પ્રકારના ઉલ્લાસથી છલકાઈ ઊઠ્યું. એ વિશે પણ એમણે એક કાર્ટૂન બનાવ્યું છે. વિમાન લૅન્ડ થયા પછી બધાં પેસેન્જર ઊતરી ગયાં છે. ફ્લાઇટનો સ્ટાફ જુએ છે કે એક માણસ સીટ નીચે ટૂંટિયું વાળીને સૂતો છે. એ કહે છેઃ 'મિ. વેઇસ, વિમાન ઊભું રહી ગયું છે, હવે તમારી સીટ નીચેથી બહાર આવો.'

વેઇસ પૂછે છેઃ 'તમને આગળ વધતાં શું અટકાવે છે? તમારું વજન? તમારાં વ્યસન? બગડેલા સંબંધો? ડિપ્રેશન? ડર કે અનિશ્ચિતતા? દરેક અવરોધોમાંથી બહાર નીકળવાના માર્ગ હોય છે. ક્યારેક તમારી વિમાનયાત્રા સુખદ ન પણ નીવડે, ક્યારેક અયોગ્ય જગ્યાએ કૂદકો માર્યો હોય, કદાચ એક વાર પડ્યા પછી જલદી ઊભા ન પણ થઈ શકો. તેમ છતાં સામાન્ય, ક્ષુલ્લક, જિંદગીની માની લીધેલી સલામતીમાં સબડ્યા કરવાનો અર્થ નથી.'

પહાડો સર કરવા માટે છે, સમુદ્રો તરીને સામે કાંઠે પહોંચવા માટે છે, ભયાનક ઊંડી ખીણ ફરીથી ઉપર ઊઠવા માટે છે. પહેલું ડગલું અને આખી

દુનિયા આપણી થઈ જાય છે, કોઈ પણ રસ્તો પાછા વળવા માટે બન્યો નથી, એના પરથી આગળ જ વધવાનું હોય છે. એક પહેલી ઉડાન અને અસીમ આકાશ આપણું આંગણું બની જાય છે.